PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૬/કવા–૦૨/૧૭–૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
એસ.એસ. ટેકોન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્યો,
ગામ: ગાંધવી
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્વારકા

વિષય :–વીજવિક્ષેપ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૬/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.જેજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના કોર્ટ મને પાઠવવાનુ આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૮૬/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૧૮–૧૧–૧૭ | સ્થળ : જામનગર |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: એમ.એસ. ટેકોન ઈન્ફ્રાસ્ટ્રકચર અને અન્યો, ગામ: ગાંધવી
રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)
રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)

## : હુકમ :

ફરીયાદ : વીજવિક્ષેપ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને. નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના જણાવ્યા મુજબ રહણાંક મકાન, તથા હર્ષદ માતાજી મંદીર તેમજ દુકાનો મા પાવર સપ્લાય હર્ષદ જયોતીગ્રામ ફીડર માથી પુરો પાડવામા આવે છે. જેમા, છેલ્લા ૦૬ માસ થી દિવસ મા વારંવાર વિજ વિક્ષેપ ને લીધે લાઈટ જતી રહે છે. જે બાબતે, સબંધક પેટા વિભાગીય કચેરી એ રજુઆત કરતા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, તેમજ તેઓના જણાવ્યા મુજબ બાજુના ગામ: ચાચલાણા મા નવુ સબસ્ટેશન બની ગયેલ છે, તેમ છતા ચાલુ કરાયેલ નથી. જરૂરી વીજ સમારકામ કરી અમને નિયમીત પાવર સપ્લાય મળે તે માટે– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – ફરીયાદી અરજદાર શ્રી એમ.એસ. ટેકોન ઈન્ફ્રાસ્ટ્રકચર અને અન્યો ગ્રાહકો ની વિજ વિક્ષેપ બાબત ની રજુઆત અન્વયે –૧૧કેવી ગાંધવી જેજીવાય ફીડર મા જરૂરી વીજલાઈન સમારકામ ની કામગીરી જેવીકે જમ્પર, પોલ, કન્ડકટર, પીન ઈન્સ્યુલેટર, ડીસ ઈન્સ્યુલેટર જે ખરાબ થઈ ગયેલા હતા, તે બદલાવી આપેલ છે. જેથી, વિજ વિક્ષેપ ની સંખ્યામા ખૂબજ ઘટાડો જોવા મળેલ છે. તેમજ, સદર કામગીરી માહે ઓકટોબર–૨૦૧૭ મા પૂર્ણ કર્યા બાદ અરજદાર ને કોઈ ફરીયાદ કે રજુઆત રહેતી નથી. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતેની કાર્યવાહી હેઠળ જરૂરી વીજલાઈન નુ સમાર કામ માહે ઓકટોબર- ૨૦૧૭ મા પૂર્ણ કર્યા બાદ અરજદાર ને કોઈ ફરીયાદ કે રજુઆત રહેતી નથી. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.--૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ના વીજવિક્ષેપ બાબતે ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધ હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.